# જલારામ બાવની

સોરઠ ભૂમિ પાવન ધામ, વીરપુર નામે એમાં ગામ,
પ્રગટ્યા ત્યાં શ્રી જય જલારામ, જનસેવાનું કરવા કામ, ... (૨)
રાજબાઇ માતાનું નામ, પ્રધાનજી પિતાનું નામ,
લોહાણા જ્ઞાતિ હરખાય, નામ સમરતાં રાજી થાય, ... (૪)
સંત પધાર્યા એને દ્વાર, રાજબાઇએ કીધો સત્કાર,
ઉજ્જ્વળ થાશે તારી કુખ, એવું બોલ્યા નિજ મુખ, ... (૬)
સંવત અઢારસો છપ્પન માંહ્ય, કારતક સુદ સાતમની છાય,
આશીર્વાદથી પ્રગટ્યા રામ, નામ પાડ્યું શ્રી જય જલારામ, ... (૮)
વૃધ્ધ સંત આવ્યા તે ધામ, ઓળખ્યા શ્રી જય જલારામ,
માતપિતા સ્વધામે ગયા, કાકાને ત્યાં મોટા થયા, ... (૧૦)
સંવત અઢારસો સિત્તેરમાંહ્ય, યજ્ઞોપવીત વીધિ થાય,
સંવત અઢારસો બોત્તેરમાંહ્ય, પ્રભુતાં પગલાં મંડાય, ... (૧૨)
કાકાનું સંભાળે હાટ, ધર્મ દાનમાં મનમાં ઘાટ,
સાધુ સંતોને દેતા દાન, રઘુવીરનું એ ધરતાં ધ્યાન, ... (૧૪)
એક સમે સંતોનો સંઘ, આવી જમાવ્યો ભક્તિનો રંગ,
જલારામની પાસે આજ, આવ્યા સીધુ લેવા કાજ, ... (૧૬)
જલારામ લઇ માથે ભાર, દેવા ચાલ્યા એને દ્વાર,
પાડોશીને લાગી લ્હાય, તે કાકાને કહેવા જાય, ... (૧૮)
વા'લાકાકા દોડ્યા ત્યાંય, જલા તું શું દેવાને જાય,
ગભરામણ છૂટી તે વાર, પત રાખે છે દીન-દયાળ, ... (૨૦)
છાણાં કહ્યાં તો છાણાં થાય, ઘીના બદલે જળ દેખાય,
પાડોશી તો ભોંઠો થાય, દુરિજન કર્મોથી પસ્તાય, ... (૨૨)
જલા ભક્તને લગની થઈ, ભીતર બારી ઉઘડી ગઈ,
યાત્રા કરવા કીધી હામ, પછી ફર્યા એ ચારે ધામ, ... (૨૪)
ગુરુ કરવાનો પ્રગટ્યો ભાવ, ફત્તેપુર જઈ લીધો લ્હાવ,
ભોજા ભગત કીધા ગુરુદેવ, વ્રત કરવા સાચી સેવા, ... (૨૬)
સંવત અઢારસો છોત્તેર માંહ્ય, સદાવ્રતનું સ્થાપન થાય,
વીરબાઇ સુલક્ષણી છે નાર, સેવાની રાખે સંભાળ, ... (૨૮)

સાધુ સંતો આવે નિત્ય, જલાબાપાની જોઇ પ્રીત,
અન્ન તણા નીધિ છલકાય, બાધા આખડીથી દુઃખ જાય, ... (૩૦)
બાપા સૌમાં ભાળે રામ, ખવરાવીને લે આરામ,
ગાડાં ભરી અન્ન આવે જાય, સાધુસંતો ખૂબ જ ખાય, ... (૩૨)
તન મન ધનથી દુઃખીઆં જન, આવીને નિત કરે ભજન,
બાપા સૌના દુઃખહરનાર, ભેદ ન રાખે કોઇ લગાર, ... (૩૪)
થોડા જનનાં કહું છું નામ, મળીઓ છે જેને આરામ,
જમાલ ઘાંચી જે કહેવાય, દીકરો તેનો સાજો થાય, ... (૩૬)
હરજી દરજી પેટનું દુઃખ, ટાળીને ત્યાં પામ્યો સુખ,
મૃત્યુ પામ્યો કોળી એક, પિતા તેનો કરગર્યો છેક, ... (૩૮)
બાપા હૈયે કરુણા થાય, રામનામની ધૂન મચાય,
થયો સજીવન તેનો બાળ, રામનામનો જય જયકાર, ... (૪૦)
પુણ્ય તપ્યું બાપાનું આંહી, વ્હાલો ઊતર્યો અવની માંહ્ય,
કરી કસોટી માગી નાર, જોવા કેવું દિલ ઉદાર, ... (૪૨)
ધન્ય છે વીરબાઇ નાર, પ્રભુ સમ જાણયા છે ભરથાર,
આજ્ઞા આપો છું તૈયાર, સેવા સંતની સાચો સાર, ... (૪૪)
સેવા કરવા ગયાં છે સતી, જાણી ત્રિભુવનના એ પતિ,
આકાશવાણીમાં સંભળાય, ધન્ય જલા ભક્તિ કહેવાય, ... (૪૬)
દંડો ઝોળી વીરબાઇ હાથ, દઇને અલોપ થયા છે નાથ,
વાયજ પહોંચ્યા વીરપુર ગામ, સૌએ સમર્યા સીતારામ, ... (૪૮)
આજે પણ વીરપુરની માંહ્ય, સૌને એનાં દર્શન થાય,
જનસેવા તો ખૂબ જ કરી, ઠાર્યા સૌને પોતે ઠરી, ... (૫૦)
ઓગણીસસો સાડત્રીસ માંહ્ય, બાપા સિધાવ્યા વૈકુંઠમાંહ્ય,
મનુદાસ જે બાવની ગાય, દુઃખથી છુટી સુખીઆ થાય, ... (૫૨)
વીરપુર ગામે કીધો વાસ, ભક્તજનોની પુરવા આશ,
દાસ મુકુંદ તે ગુણલા ગાય, દુઃખદારીદ્ર તેનાં જાય, .. (૫૪)
સોરઠ ભૂમિ પાવન ધામ, વીરપુર નામે એમાં ગામ
**સાતે વારે સૌ સ્નેહથી બાપાની બાવની ગાય**

**ભક્તો કહે મુસીબત ટળે હૈયે શાંતિ થાય.... સીયાવર રામચંદ્રકી જય, જય શ્રી જલારામ કી જય**